This Question Paper consists of 13 questions and 8 printed pages.
આ પ્રશ્નપત્રમાં 13 પ્રશ્નો અને 8 મુદ્રિત પાના છે.

Sl. No.

Roll No. / રોલ નંબર | | | | | | | | | | | | |

Code No. / કોડ નંબર **60/SS/A/G**

SET / સેટ **A**

# GUJARATI
## (ગુજરાતી)
## (307)

Day and Date of Examination :
(પરીક્ષાનો દિવસ અને તારીખ) ______________________

Signature of Invigilators : 1. ______________________
(નિરીક્ષકોના હસ્તાક્ષર) 2. ______________________

---

**સામાન્ય નિર્દેશ :**

1. વિદ્યાર્થી તેનો રોલ નંબર પ્રશ્નપત્રના પહેલા પાને લખે.
2. પહેલાં પ્રશ્નપત્રને ચકાસી લેવું. પ્રશ્નપત્રમાં આપેલા કુલ પાના અને પ્રશ્નોની સંખ્યા એટલી જ છે જેટલી પ્રથમ પાના ઉપર છે તે જોઈ લેવું અને પ્રશ્નો ક્રમવાર છે કે નહીં તે ચકાસી લેવું.
3. ઉત્તર પુસ્તિકામાં નિર્દેશ કરેલ સ્થાન સિવાય બીજા કોઈ પણ સ્થાને રોલ નંબર તથા અન્ય ચિન્હ લખવાથી પરીક્ષાર્થીને અયોગ્ય ઠરાવવામાં આવશે.
4. બહુવિકલ્પીય પ્રશ્નોના વિકલ્પો દા.ત. (A), (B), (C) અથવા (D) માંથી જે ઉત્તર લખવો હોય તેને આપેલી ઉત્તર પુસ્તિકામાં લખવો.
5. પોતાની ઉત્તર પુસ્તિકા પર પ્રશ્નપત્રની કોડ સંખ્યા 60 / SS /A/G સેટ A લખવી.


UNNATI EDUCATIONS
9899436384, 9654279279

# GUJARATI
## (ગુજરાતી)
## (307)

Time : 3 Hours] [Maximum Marks : 100

સમય : 3 કલાક] [અધિકતમ ગુણ : 100

---

નોંધ:-

**(i)** આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગ છે.

**(ii)** ચારેય વિભાગમાંથી સૂચના પ્રમાણે ઉત્તર આપો.

**(iii)** પ્રશ્નની સામે દર્શાવેલ અંક ગુણભાર સૂચવે છે.

---

વિભાગ-**1**

**1)** નીચેના કાવ્યનું રસાસ્વાદન કરાવો : **[4]**

મેરુ રે ડગે જેનાં મન નો ડગે

મરને ભાંગી રે પડે ભરમાંડ રે

વિપદ પડે વણસે નહીં ઈ તો

હરીજનનાં પરમાણ રે, ....... મેરુ રે.......

ભાઈ રે! હરખ ને શોકની ના' વે જેને હેડકીને

શીશ તો કર્યાં કુરબાન રે,

સતગુરુ વચનમાં શૂરા થઈ ચાલે,

જેણે મેલ્યાં અંતરનાં માન રે, ....... મેરુ રે ........

ભાઈ રે! નિત્ય રે'વું સતસંગમાં ને

જેને આઠે પોર આનંદ રે

સંકલ્પ વિકલ્પ એકે નહીં ઉરમાં

જેણે તોડી નાખ્યો માયા કેરો ફંદ રે, ........ મેરુ રે .......

ગંગાસતી એમ બોલિયાં તમે થાજો સતગુરુજીનાં દાસ રે, ....... મેરુ રે .......



**UNNATI EDUCATIONS**
**9899436384, 9654279279**

અથવા

સહુની સાથે મારગ ધોરી ચાલશું અહીં ભાઈ!
સહુમાં ભળી, સહુના થઈ ખીલશું અહીં ભાઈ!
આપણું ટાણું જોઈને, કેડી ઢૂંઢશું નવી, ભાઈ!
કોઈ નહીં જો દરિયે બેલી, ડૂબશું નહીં, ભાઈ!
દુનિયા દીપે, દીપશું અગર આપણે જાતે, ભાઈ!
ફૂલ ખરે, તો રુદિયો ભરી ઝૂમશું અહીં, ભાઈ!
વાગતા કાંટા અળગા કરી ઘૂમશું અહીં, ભાઈ!
પગ મળયા તો ચડશું શિખર આપણે જાતે ભાઈ!

2) નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ બે પ્રશ્નોના જવાબ આપો. **[4]**

(ક) મીરાંબાઈ ઘરેણાંની વાત કરે છે છતાં વૈરાગી હતાં એવું શા ઉપરથી કહી શકાય?

(ખ) ભાઈચારા, મૈત્રી, સંપ, શાંતિ થકી જ માનવવિકાસ શક્ય છે એવું કવિશ્રી ઉમાશંકરને કેમ લાગે છે?

(ગ) 'કણ-કણની આ માટી કેરી કથા' એટલે કઈ કથા કવિના મનમાં છે?

(ઘ) દામોદર દોશીની સાથે કમળા શેઠાણી તરીકે કોણ આવ્યું છે? શા માટે?

3) નીચેનામાંથી કોઈ બે પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર લખો. **[2]**

(ક) મીરાંબાઈ પેટી શા માટે ઘડાવે છે?

(ખ) શામળશા શેઠે કોનું રૂપ લીધું છે? શા માટે?

(ગ) ખખડ થતી અને ખોડંગાતી જૂની ડમણી કવિને મન કઈ છે?

(ઘ) કવિને મન ચેતનમંત્ર કયો છે?

4) નીચેનામાંથી ગમે તે બે પ્રશ્નોના ઉત્તર આપો. **[8]**

(ક) 'ગિલો એટલે છકડો' એવું શા માટે કહેવાયું છે?

(ખ) રાજીમાની વેદના કઈ છે?

(ગ) 'ભણેલા છીએ તે સિવાયનું બીજું કાંઈ આપણી પાસે છે?' એવું રવિભાઈ શા માટે બોલે છે? એ વાક્યનો અર્થ સવિસ્તાર સમજાવો.

(ઘ) નવી બંદર સાથે 'દીકરીયું' નાટકને શો સંબંધ છે?


UNNATI EDUCATIONS
9899436384, 9654279279

5) નીચેનામાંથી ગમે તે ત્રણ પ્રશ્નોના જવાબ એક-બે વાક્યમાં આપો. **[6]**

(ક) ઉપયોગી પરિચિતોના મોબાઈલ નંબર સુલતાન કઈ રીતે યાદ રાખે છે?

(ખ) મોટો દીકરો માને ઢોરાં વેચી દેવાનું શા માટે લખે છે?

(ગ) ગિલાનું જોઈ જોઈને ગામમાં બીજા છકડા શા માટે થયેલા?

(ઘ) ગિલો છકડા હારે શું વાતું કરતો હશે?

(ઙ) ગિલાના ડોશાને શા કારણે પોતાના દીકરા ઉપર ગર્વ થતો?

6) નીચેના પ્રશ્નોના ઉત્તર માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો. **[10]**

(ક) મીરાંબાઈને મન સાચું ઘરેણું કયું છે?

(A) સોનાનું (B) ચાંદીનું

(C) હીરાનું (D) શામળાનું

(ખ) શામળશા શેઠે કેડે પિત્તળની દોત શા માટે પહેરી છે?

(A) પિતાંબર નીચે ન ઉતરી જાય માટે (B) રૂપિયા ભરીને રાખવા માટે

(C) કંદોરા તરીકે (D) શોભા માટે

(ગ) દામોદર દોશીની સાથે કમળા રાણી તરીકે કોણ આવ્યું છે?

(A) પાર્વતીજી (B) સરસ્વતીજી

(C) લક્ષ્મીજી (D) અંબાજી

(ઘ) કવિને દૂરથી કયો મંગલ શબ્દ આવતો સંભળાય છે?

(A) વિશ્વક્રાંતિનો

(B) વિશ્વશાંતિનો

(C) વિશ્વવિકાસનો

(D) વિશ્વમંગલનો

(ઙ) ગિલાના ઘરમાં ટીવી બે ઈંટો ઉપર શા કારણે ગોઠવેલું છે?

(A) ઘરમાં ત્રીજી ઈંટ ન હતી

(B) ઘરમાં પૂરતી જગ્યા ન હતી

(C) સ્ટીલનું સ્ટેન્ડ લાવવા જેટલા પૈસાની જોગવાઈ ન હતી

(D) ગિલાને ટીવી લાકડાના કબાટમાં મૂકવું ન હતું.

(ચ) 'ગિલો ખડે પગે રહેતો' - જેવો બીજો રૂઢિપ્રયોગ પાઠમાં કયો છે?

(A) ગિલાના પગમાં ભમરો હતો. (B) ગિલો પગ વાળીને બેસતો નહીં.

(C) ગિલાના પગમાં પૈડાં હતાં (D) ગિલાના પગ રબ્બરના હતા.

(છ) 'તમે સઘરિયાં આંટો દઈ જાવ વેલેરાં' - વાક્યમાં કઈ બોલી છે?

(A) ઉત્તર ગુજરાતી (B) સૌરાષ્ટ્રી

(C) ચરોતરી (D) દક્ષિણ ગુજરાતી



UNNATI EDUCATIONS
9899436384, 9654279279

(જ) સુલતાન કોણ છે?

(A) ચિત્રકાર (B) માછીમાર

(C) કલાકાર (D) સુથાર

(ઝ) જેણે દરિયામાં પગ પણ ન બોળયા હોય તેની વાત દરિયાખેડુ શા માટે ન માને?

(A) કારણ કે તે તરતાં ન જાણતો હોય.

(B) કારણ કે તેને દરિયાનો કોઈ અનુભવ કે જ્ઞાન ન હોય.

(C) કારણ કે તે અજાણ્યો માણસ હોય.

(D) કારણ કે તે સરકારી માણસ હોય.

(ઞ) 'તે કોક કી' પૂસે ઈણો ખૂલાસો થે હકે' એ વાક્યને નીચેનું કયું માન્ય ગુજરાતી વાક્ય બરાબર રજૂ કરે છે?

(A) તે કોક કંઈ પૂછે ઈણો ખૂલાસો થઈ શકે.

(B) તો કોક કંઈ પૂછે તેનો ખુલાસો થઈ શકે.

(C) તે કોઈ કંઈ પૂસે તેનો ખુલાસો થે શકે.

(D) તો કોક કંઈ પૂછે તેનો ખૂલાસો થે હકે.

## વિભાગ-2

7) નીચે આપેલા પરિચ્છેદનું એક તૃતીયાંશ શબ્દોમાં સંક્ષેપીકરણ કરો. **[10]**

ગાંધીજીએ આફ્રિકામાં જે આંદોલન અનુભવ્યું તેનો સાત્ત્વિક રીતે સામનો કરવાની રીતની શોધમાંથી સત્યાગ્રહના આંદોલનનો જન્મ થયો છે. તેમાં અપમાન કરનારનું, ખરાબ શાસન કરનાર શાસકોનું અથવા રાજ્યકર્તાઓનું, શોષણખોરોનું વગેરેનું કોઈ રીતે બૂરું થાય તેવા પ્રયત્નો કરવાના નહીં પરંતુ તેમનામાં સદ્‌બુદ્ધિ જન્મે, તેમને તેમનાં ખરાબ કામો અને અવિચારનું ભાન થાય તેવા પ્રયત્નો કરવાનો સ્પષ્ટ ઉદ્દેશ છે. આ કારણે સત્યાગ્રહ કરનાર કોઈપણ જાતની હિંસા નહિ થવા પામે એ વિશે ખબરદાર હોવો જોઈએ. જ્યારે પ્રજાને સત્યાગ્રહના આંદોલન માટે દોરવણી અને માર્ગદર્શન આપવાનું હોય ત્યારે આંદોલન દરમિયાન સત્યાગ્રહ કરનાર તરફથી અથવા તો સત્યાગ્રહમાં સામેલ થયેલ સામાન્ય પ્રજાને પક્ષે કોઈપણ હિંસા થાય તે ચલાવી શકાય નહીં. સત્યાગ્રહ સાધન છે પણ અહિંસા તો સાધ્ય છે અને અહિંસાનું જ બીજું નામ છે પ્રેમ.

અથવા

કૃષિઉત્પાદન માટે જમીનના નાના ટુકડાનો ઉપયોગ કરી બાગાયતી ખેતી કરી શકાય.વર્તમાન સમયમાં બાગાયતી ખેતીનું ખૂબ મહત્ત્વ છે. આ ખેતી ટૂંકા સમયગાળામાં વધુ નફો આપનારી છે.સ્ટ્રોબરી, દ્રાક્ષ, પપૈયાં, તડબૂચ, કેળાં, કેરી, ચીકુ, લીંબુ, દાડમ, જામફળ, મોસંબી, નારંગી, જેવાં ફળો અને વિવિધ ફૂલોનું ઉત્પાદન બાગાયતી ખેતીથી કરી શકાય. બાગાયતી ખેતીમાં કલમનું ખૂબ મહત્ત્વ છે. ફળાઉ ઝાડોની અને ફૂલોના છોડની કલમો દ્વારા ઓછા સમયમાં ખેડૂત મહત્તમ ઉત્પાદન મેળવી શકે છે. સારી જાતના ઝાડ-છોડની કલમો તૈયાર કરી આર્થિક લાભ મેળવી શકે છે. કેરી, ચીકુ, નાળિયેરી વગેરેના બગીચામાં શાકભાજીના આંતરપાક લઈ શકાય છે. બાગાયતી ખેતી ખેડૂતના આર્થિક વિકાસ અને સમૃદ્ધિમાં ખૂબ જ ઉપયોગી છે.બાગાયતી ખેતીમાં ટપક સિંચાઈ પદ્ધતિનો ઉપયોગ કરીને પાણીનો વધારાનો બગાડ અટકાવી શકાય છે.


UNNATI EDUCATIONS
9899436384, 9654279279

## વિભાગ-3

**8)** નીચેના પ્રશ્નોમાંથી ગમે તે ચાર પ્રશ્નોના ઉત્તર લખો. **[16]**

(ક) 'દીવો ના બૂઝે' ના લેખકને મન સાક્ષાત્કારનો અર્થ શું થાય છે?

(ખ) બાને જીવનમાં લાગણીશીલ થઈ ઉતાવળે લીધેલા મહત્ત્વના નિર્ણયો અંગે પસ્તાવો શા માટે ઓછો થતો હતો?

(ગ) માણસે પોતાની મર્યાદાઓને જ નહીં, વિશેષતાઓને પણ અતિક્રમવાની (ઓળંગી જવાની) હોય છે તેવું લેખક શા માટે માને છે?

(ઘ) જીવનમાં સદ્‌ગુણ કેળવવા એ જ ધ્યેય હોઈ શકે એવું લેખક શા કારણે માને છે?

(ઙ) પ્રભુશ્રધ્ધાને કારણે બાના જીવનમાં હિંમત કેળવાઈ હોય તેવા બે પ્રસંગ લખો.

(ચ) કરકસર અને સાદગીથી રહેવાથી લેખકને કયા કયા ફાયદા થયા તે વર્ણવો.

**9)** નીચે આપેલા પ્રશ્નોમાંથી ગમે તે ત્રણના ઉત્તર એક-બે વાક્યમાં આપો. **[6]**

(ક) કુમારિલના મૃત્યુનું કારણ જણાવો.

(ખ) ડૉક્ટર દાદાજી શા કારણે પોંડિચેરી શ્રી અરવિંદ આશ્રમમાં ગયા?

(ગ) પ્રમોદબાને શા કારણે હળદર-મરચાં ખાંડવા જેવી મજૂરી કરવી પડી?

(ઘ) કઈ બાબતોમાં પ્રમોદબાનું વલણ ગાંધીવાદી હતું?

(ઙ) પ્રમોદબાના ભાઈનું મૃત્યુ શા કારણે થયું?

**10)** નીચેના પ્રશ્નોના ઉત્તર માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો. **[10]**

(ક) 'નવી મા' માટે નીચેનામાંથી કયો એક અર્થ યોગ્ય નથી?

(A) સાવકી મા (B) નવી પરણીને આવેલી સ્ત્રી

(C) અપર મા (D) ઓરમાન મા

(ખ) 'પાણીની ખેંચ હોવી' - એ રૂઢિપ્રયોગનો શું અર્થ થાય?

(A) પાણીના અભાવે શરીરમાં ખેંચ આવવી.

(B) પાણીનો માણસને ખેંચી જાય તેવો જોરદાર પ્રવાહ હોવો.

(C) પાણીની અછત હોવી.

(D) પાણીની ખેંચાખેંચ હોવી



UNNATI EDUCATIONS
9899436384, 9654279279

(ગ) 'ગુરુમંત્ર' નો શો અર્થ કરશો?

(A) ગુરુ થવા માટેનો મંત્ર
(B) ગુરુએ આપેલો મંત્ર
(C) ગુરુ એટલે કે મોટો મંત્ર
(D) ગુરુવાળો મંત્ર

(ઘ) કદર, પ્રતિષ્ઠાનાં પ્રમાણપત્રો, માનચાંદોની જરૂર કોને ન રહે?

(A) જેને એ પુષ્કળ પ્રમાણમાં મળી જાય તેને.
(B) સાત્ત્વિક, સદ્ગુણી, પરોપકારી, પ્રેમાળ અને કરુણાવાન વ્યક્તિને
(C) જેને રાષ્ટ્રપતિપદ પ્રાપ્ત થઈ જાય તેને
(D) જેને વૃધ્ધત્વ આવ્યું હોય તેને.

(ઙ) દૂધ ગરમ કરવા જેવું સામાન્ય કાર્ય પણ લેખક માટે શા કારણે ભગીરથ કાર્ય બની જતું?

(A) લેખકને એનો કંટાળો આવતો
(B) નાનપણમાં છોકરા હોવાને કારણે કશું શીખેલા જ નહીં.
(C) લેખક આળસુ હોવાથી
(D) દૂધ ગરમ કરવું પડે તેવી ખબર જ નહીં.

(ચ) 'પછેડી હોય તેટલી સોડ તાણવી' નો અર્થ શું થાય?

(A) પછેડી સાચવીને વાપરવી
(B) સગવડ હોય તેટલું વાપરવું
(C) દેવું કરીને પણ જલસા કરવા
(D) પછેડી ફાટે નહીં તેનું ધ્યાન રાખવું

(છ) 'મારો હમેશાં પહેલો નંબર આવતો' વાક્ય શું સૂચવે છે?

(A) ક્રિયા
(B) સ્થિતિ
(C) અવસ્થા
(D) પ્રક્રિયા

(જ) મામાના મૃત્યુને કારણે પ્રમોદબા કેમ ભાંગી પડેલાં?

(A) મામા તરફથી મળતી આર્થિક મદદ બંધ થઈ તેથી.
(B) મામા તરફથી મળતાં સલાહ-સૂચન બંધ થયાં તેથી
(C) મામા તરફથી મળતો પ્રેમ બંધ થવાથી
(D) મામા રિબાઈ રિબાઈને અકાળ મૃત્યુ પામ્યા તેથી.

(ઝ) માંદા માણસની ચાકરી માટે કયો ગુણ સૌથી અગત્યનો ગણાય?

(A) આયોજન
(B) વ્યવસ્થા શકિત
(C) નેતૃત્વનો ગુણ
(D) પોતાની સંડોવણી


UNNATI EDUCATIONS
9899436384, 9654279279

(ઞ) 'સત્તા અને સ્વતંત્રતાં'જાતે જ શા માટે મેળવવાં પડે?

(A) કારણ સામેથી એ કોઈ આપે નહીં.

(B) તેનો નશો હોય.

(C) એ બહુ ખતરનાક બાબતો છે.

(D) એ જોખમકારક છે.

## વિભાગ-4

**11)** નીચેનામાંથી ગમે તે એક વિષય પર ચારસો શબ્દનો નિબંધ લખો. **[7]**

(ક) હરિ! તને શું સ્મરીએ?

(ખ) સ્વચ્છતા ત્યાં પ્રભુતા

(ગ) એક ઘાયલ સૈનિકની આત્મકથા

(ઘ) દરિયાકિનારે એક સાંજ

**12)** 'યોગદિન' નિમિત્તે તમારા ગામ/નગરમાં યોજાયેલા જાહેર કાર્યક્રમનો અહેવાલ તૈયાર કરો. **[7]**

અથવા

તમે ઉજવેલા 'ફાધર્સ-ડે' નો અહેવાલ તૈયાર કરો.

**13)** સૂચના મુજબ ઉત્તર આપો. **[10]**

(ક) ખેલદિલી અને તન્મયતાથી રમવું એ જ લક્ષ્ય હોવું ઘટે. **[1]**
(વાક્યમાંથી અંગસાધક પ્રત્યય ઓળખાવો)

(ખ) જગજીવન, જાહેરજીવન, દાદાદાદી **[2]**
(કોઈ પણ બે શબ્દના સમાસ ઓળખાવો)

(ગ) ઘાટ ઘડી નાખવો, ગળા-ડૂબ હોવું **[1]**
(ગમે તે એક રૂઢિપ્રયોગનો અર્થ લખો)

(ઘ) પંખી ઝાડપર બેઠું. **[2]**
(રેખાંકિત શબ્દની વિભક્તિ ઓળખાવી તે શું સૂચવે છે તે લખો)

(ઙ) મારાથી બરાબર લખાયું નહીં. **[1]**
(વાક્ય કર્તરિ છે કે કર્મણિ તે લખો)

(ચ) રામ અને લક્ષ્મણ ભાઈઓ હતા. **[1]**
(વાક્યમાં રહેલ સંયોજક ઓળખાવો)

(છ) બે માંથી કાઠિયાવાડી ઘોડો ઝડપથી દોડે છે. **[2]**
(વાક્યમાંથી એક વિશેષણ અને એક ક્રિયાવિશેષણ ઓળખાવો)

♦♦♦♦



UNNATI EDUCATIONS
9899436384, 9654279279